પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૪૧ | ૩૦ જુલાઈ, ૨૦૨૩, રવિવાર; અધિક શ્રાવણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પરંપરાગત જ્ઞાન અને ટેક્નોલોજીને સમાન મહત્વ : મોદી

**પ્રધાનમંત્રીએ દિલ્હીમાં ભારત મંડપમમાં અખિલ ભારતીય શિક્ષા સમાગમનું ઉદ્ઘાટન કર્યું : ૧૨ ભારતીય ભાષાઓમાં અનુવાદિત શિક્ષણ અને કૌશલ્ય અભ્યાસક્રમનાં પુસ્તકોનું વિમોચન કર્યું : "૨૧મી સદીનું ભારત જે લક્ષ્યાંકો સાથે આગળ વધી રહ્યું છે, તેને હાંસલ કરવામાં આપણી શિક્ષણ વ્યવસ્થાની બહુ મોટી ભૂમિકા છે" : "૫જીના યુગમાં પીએમ-શ્રી શાળાઓ આધુનિક શિક્ષણનું માધ્યમ બનશે"**

નવી દિલ્હી, તા.૨૯

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં ભારત મંડપમ્માં અખિલ ભારતીય શિક્ષા સમાગમનું ઉદ્ઘાટન કર્યું હતું. તે યોગાનુયોગે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ત્રીજી વર્ષગાંઠ સાથે છે. તેમણે પીએમ શ્રી યોજના હેઠળ ભંડોળનો પ્રથમ હપ્તો પણ જારી કર્યો હતો. ૬૨૦૭ શાળાઓને પ્રથમ હપ્તો કુલ રૂ. ૬૩૦ કરોડ સાથે મળ્યો હતો. તેમણે ૧૨ ભારતીય ભાષાઓમાં અનુવાદિત શિક્ષણ અને કૌશલ્ય અભ્યાસક્રમનાં પુસ્તકોનું પણ વિમોચન કર્યું હતું. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે પ્રદર્શિત પ્રદર્શનને પણ લટાર મારી નિહાળ્યું હતું.








સમારોહને સંબોધતા પ્રધાનમંત્રીએ રાષ્ટ્રનું ભાગ્ય બદલી શકે તેવાં પરિબળોમાં શિક્ષણની પ્રાથમિકતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, "૨૧મી સદીનું ભારત જે લક્ષ્યાંકો સાથે આગળ વધી રહ્યું છે, તેને હાંસલ કરવામાં આપણી શિક્ષણ વ્યવસ્થાની બહુ મોટી ભૂમિકા છે." અખિલ ભારતીય શિક્ષા સમાગમનાં મહત્વ પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, શિક્ષણ માટે ચર્ચા અને સંવાદ મહત્ત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રીએ ગયાં વર્ષે વારાણસીનાં નવનિર્મિત રુદ્રાક્ષ સંમેલન કેન્દ્ર અને આ વર્ષે નવાનક્કોર ભારત મંડપમ્માં યોજાઈ રહેલા અખિલ ભારતીય શિક્ષા સમાગમનાં યોગાનુયોગનો ઉલ્લેખ કર્યો હતો. મંડપમનું ઓપચારિક ઉદ્ઘાટન થયાં પછી આ પહેલો કાર્યક્રમ છે.

કાશીનાં રુદ્રાક્ષથી આધુનિક ભારત મંડપમ સુધી, પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, અખિલ ભારતીય શિક્ષા સમાગમની પ્રાચીન અને અર્વાચીન જોડાણની યાત્રામાં એક છૂપો સંદેશ છે. તેમણે કહ્યું કે, એક તરફ ભારતની શિક્ષણ વ્યવસ્થા દેશની પ્રાચીન પરંપરાઓનું જતન કરી રહી છે તો બીજી તરફ વિજ્ઞાન અને ટેક્નૉલોજી ક્ષેત્રે દેશ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે. પ્રધાનમંત્રીએ અત્યાર સુધી થયેલી પ્રગતિ બદલ શિક્ષણ ક્ષેત્રમાં યોગદાન આપનારાં લોકોને અભિનંદન પાઠવ્યાં હતાં.

● અનુસંધાન પાન-૭ પર

## સીજેઆઈ પર ટીપ્પણી બદલ રાજકીય વિશ્લેષક બદ્રી શેષાદ્રીની ધરપકડ થઈ

ચેન્નાઈ, તા.૨૯

રાજકીય વિશ્લેષક અને લેખક બદ્રી શેષાદ્રી દેશના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) ડી.વાય.ચંદ્રચૂડ પર કથિક ભડકાઉ ટિપ્પણી કરવાનો મામલો સામે આવ્યો છે, જેમાં તમિલનાડુ પોલીસે શેષાદ્રીની ધરપકડ કરી છે. શેષાદ્રીની કલમ ૧૫૩, ૧૫૩એ અને ૫૦૫ (૧)(બી) હેઠળ ધરપકડ કરવામાં આવી છે.

શેષાદ્રીએ યૂટ્યુબ પર આપેલા ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે, સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જો તમે (સરકાર) કંઈ કરી શકતા નથી તો અમે (કોર્ટ) કરીશું. ચંદ્રચૂડને બંદૂક આપો અને તેમને ત્યાં મોકલો... જોઈએ કે શું તેઓ શાંતિ પુનઃસ્થાપિત કરી શકે છે... શેષાદ્રિએ વધુમાં કહ્યું કે, આ એક પહાડી અને જટિલ વિસ્તાર છે અને અહીં હત્યાઓ થશે. અમે હિંસાઓ થતી અટકાવી શકતા નથી.

## ભારતમાં ૩૧૬૭ વાઘ

**દર વર્ષે વાઘ સંરક્ષણ સાથે જોડાયેલા મુદ્દા પર જાગરૂતતા વધારવા ૨૯ જુલાઈએ આંતરરાષ્ટ્રીય ટાઇગર ડે મનાવાય છે**

નવી દિલ્હી, તા.૨૯

શનિવારે (૨૯ જુલાઈ) વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય વાઘ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેની શરૂઆત ૨૦૧૦માં રશિયાના સેન્ટ પીટર્સબર્ગથી થઈ હતી. જ્યાં ઘણા દેશોએ વાઘને બચાવવા માટે વૈશ્વિક લક્ષ્ય નક્કી કર્યું હતું. ભારતે પણ વાઘને બચાવવામાં મોટો ફાળો આપ્યો છે. આજે વિશ્વમાં સૌથી વધુ વાઘ ભારતમાં જોવા મળે છે.

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે શનિવારે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ પર કહ્યું કે ભારતમાં ૩૧૦૦થી વધુ વાઘોની સંખ્યા પ્રોજેક્ટ ટાઈગરની સફળતાનું વર્ણન કરે છે. તેમણે ટ્વીટ કરી કહ્યું કે ભારતમાં ૩૧૦૦થી વધુ વાઘોની સાથે, પ્રોજેક્ટ ટાઈગરની સફળતા ખુદ વ્યક્ત કરે છે.

## પૂણેમાં શરદ પવાર મોદી સાથે સ્ટેજ શેર કરશે, ઈન્ડિયામાં ચિંતા

નવી દિલ્હી, તા.૨૯

ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુઝિવ એલાયન્સ એટલે કે ઈન્ડિયાની ત્રીજી બેઠક ૨૫ અને ૨૬ ઓગસ્ટે મુંબઈમાં યોજાવા જઈ રહી છે. પરંતુ તે પહેલા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સુપ્રીમો શરદ પવાર ૧ ઓગસ્ટે પુણેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સ્ટેજ શેર કરવાના છે. આ વાતને લઈ બ્લોકના કેટલાક નેતાઓએ ચિંતા વ્યક્ત કરી છે.

પાર્ટીના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ગઈકાલે ઈન્ડિયા બ્લોકની ફ્લોર લીડર્સની મીટિંગ દરમિયાન કેટલાક સભ્યોએ મોદીને લોકમાન્ય તિલક એવોર્ડથી સન્માનિત કરવાના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પવાર હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સૂત્રએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે એનસીપી નેતા સાથે વાત કરી શકે છે અને તેમને કાર્યક્રમમાં હાજરી ન આપવા વિનંતી કરી શકે છે. સૂત્રએ જણાવ્યું હતું કે, ઈન્ડિયા બ્લોકના કેટલાક નેતાઓને લાગ્યું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જ્યારે સમાન

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપે નવા ૧૩ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ-૮ મહામંત્રીના નામ જાહેર કર્યા

**૧૩ રાષ્ટ્રીય સાચીવોની પણ નવી નિમણૂક કરાઈ છે**

નવી દિલ્હી, તા.૨૯

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા રાષ્ટ્રીય પદાધિકારીઓના નામ જાહેર કર્યા છે. જેમા ૧૩ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને આઠ રાષ્ટ્રીય મહામંત્રીની જાહેરાત કરવામાં આવી છે આ સાથે જ ૧૩ રાષ્ટ્રીય સાચીવોની પણ નવી નિમણૂક કરવામાં આવી છે. આ નવી યાદીમાં ગુજરાતમાંથી કોઈને સ્થાન આપવામાં આવ્યું નથી.

ભારતીય જનતા પાર્ટીએ નવા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને મહામંત્રીઓના નામની જાહેરાત કરી છે. રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે, છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ડો. રમણ સિંહ, ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી રઘુબર દાસ અને સૌદાન સિંહને પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સિવાય કૈલાશ વિજયવર્ગીય, અરુણ સિંહ અને તરુણ ચુગને મહામંત્રી બનાવવામાં આવ્યા છે.

સંજીવ બંદી અને સુનીલ બંસલને રાષ્ટ્રીય મહામંત્રી બનાવવામાં આવ્યા છે. સંજીવ બંદીને કેન્દ્રીય ટીમમાં સામેલ કરીને પાર્ટીએ તેલંગાણાને એક સંદેશ આપ્યો છે. કૈલાશવિજયવર્ગીય, તરુણ ચુગ, વિનોદ તાવડે, અરુણ સિંહને ફરી તક મળી છે અને ફરીથી મહાસચિવ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત એકે એન્ટોનીના પુત્ર અરુણ એન્ટનીને રાષ્ટ્રીય સચિવ બનાવવામાં આવ્યા છે. એન્ટની થોડા સમય પહેલા જ પાર્ટીમાં જોડાયા હતા. કેન્દ્રીય ટીમમાં ગોરખપુરના પૂર્વ ધારાસભ્ય રાધા મોહન અગ્રવાલને એન્ટ્રી આપીને યુપીની રાજનીતિમાં મોટો સંદેશો આપ્યો છે.

વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમને ટિકિટ આપવામાં આવી ન હતી, પરંતુ હવે તેમને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. આંધ્રપ્રદેશના પ્રભારી સુનીલ દેવધરને રાષ્ટ્રીય ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે. આ સિવાય સીટી રવિ અને દિલીપ સૈકિયાને પણ જનરલ સેક્રેટરી પદેથી હટાવી દેવામાં આવ્યા છે.

## ઝારખંડમાં તાજિયા હાઈટેન્શન વાયરને સ્પર્શી જતા ચારનાં મોત


બોકારો, તા.૨૯

ઝારખંડના બોકારોમાં આજે વહેલી સવારે મોહરમનું જુલુસ નીકળતી વખતે એક મોટો અકસ્માત સર્જાયો હતો. હાઈ ટેન્શન લાઈનની ચપેટમાં આવી જતાં કુલ ૧૩ લોકો ખરાબ રીતે દાઝી ગયા હતા. જેમાં ચાર લોકોના મોત થયા છે, જ્યારે ૯ લોકોની હાલત ગંભીર છે. અહીં બેરમો વિસ્તારના ખેતરોમાં સવારે ૬.૦૦ વાગ્યે કેટલાક લોકો મોહરમના તાજિયા લઈ રહ્યા હતા ત્યારે ૧૧૦૦૦ વોલ્ટના વાયરની અડફેટે આવી ગયા હતા. જે બાદ વીજ કરંટ લાગવાથી ૪ લોકોના મોત થયા હતા, જ્યારે ૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમની સારવાર નજીકની હોસ્પિટલમાં ચાલી રહી છે.

## મહારાષ્ટ્રના બુલઢાણામાં બે બસ સામ સામે અથડાતા ૬નાં કરુણ મોત

નવી દિલ્હી, તા.૨૯

મહારાષ્ટ્રના બુલઢાણામાં ફરી એકવાર ગોઝારો અકસ્માત સર્જાયો છે. જિલ્લામાં શનિવારે એક ભયંકર અકસ્માત સર્જાતા છ લોકોનાં કરુણ મોત નીપજ્યા હતા. સામ સામે આવી રહેલી બે લક્ઝરી બસ અથડાતા આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો. આ દુર્ઘટનામાં લગભગ ૨૦ જેટલાં મુસાફરો ઘાયલ થયા છે. ત્યારે આ ઘટનામાં મૃત્યુઆંક વધે એવી પણ શક્યતા છે. તો ઘાયલોમાં પાંચ લોકોની હાલત ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. કહેવામાં



આવી રહ્યું છે કે, આ અકસ્માત જિલ્લાના મલકાપુર શહેરની પાસે નેશનલ હાઈવે નંબર ૭ પાસે થયો છે. મલકાપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે, એક બસમાં સવાર લોકો અમરનાથ યાત્રા કરીને પરત ફરી રહી હતી. જ્યારે બીજી બસ નાગપુરથી નાસિક જઈ રહી હતી. ત્રણ વાગે આ ઘટના બની હતી. ઘટનાની જાણ થતા આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. બાદમાં બનાવની જાણ પોલીસ અને એમ્બ્યુલન્સને કરવામાં આવી હતી. જાણ થતાં જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઈન્ડિયાના સાંસદોના મણિપુરમાં સ્થિતિનો તાગ મેળવવા ધામા

**મણિપુર હિંસાને લઈને રાજકારણ ગરમાયું : સાંસદોની ટીમ પહાડી વિસ્તારોમાં પહોંચશે અને ત્યાં હિંસા પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને સ્થિતિનો તાગ મેળવશે**

નવી દિલ્હી, તા.૨૯

મણિપુરમાં હિંસાને લઈને વિપક્ષ સરકાર પર સતત પ્રહારો કરી રહ્યું છે. રાજ્યમાં હિંસાને કારણે અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. અનેક મકાનો અને દુકાનો બળીને રાખ થઈ ગઈ છે. હજારો લોકોએ રાજ્ય છોડીને પડોશી રાજ્યમાં આશ્રય લીધો છે. આ વચ્ચે વિપક્ષી ગઠબંધન આઈ.એન.ડી.આઈ.એ.ના ઘણા સાંસદો આજે મણિપુર પહોંચી રહ્યા છે. વિપક્ષના આ સાંસદો રાજ્યમાં બે દિવસ રોકાશે અને હિંસા પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેશે અને ત્યાંની સ્થિતિનો તાગ મેળવશે. વિપક્ષી સાંસદોનું પ્રતિનિધિમંડળ સવારે ૯ વાગ્યે દિલ્હીથી ફ્લાઈટ દ્વારા મણિપુર માટે રવાના થશે. મણિપુર પહોંચ્યા બાદ સાંસદોની આ ટીમ પહેલા પહાડી વિસ્તારોમાં પહોંચશે અને ત્યાં હિંસા પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવશે. ત્યારબાદ તે ઘાટીમાં પહોંચશે અને ત્યાં બનેલા રાહત શિબિરોની મુલાકાત લેશે અને લોકોની સ્થિતિ જાણવાનો પ્રયાસ કરશે.

મણિપુરમાં વિરોધ પક્ષોના નેતાઓની બે દિવસીય મુલાકાત હશે જે રવિવાર સુધી ચાલુ રહેશે. વિપક્ષના પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસના અધીર રંજન ચૌધરી, ગૌરવ ગોગોઈ અને ફૂલદેવી નેતામ, જેડીયુના રાજીવ રંજન ઉર્ફે લાલન સિંહ અને અનિલ હેગડે, તૃણમૂલ કોંગ્રેસના સુષ્મિતા દેવ, ઝારખંડ મુક્તિ મોરચાના મહુઆ માજી, ડીએમકેના કનિમોઝી, પીપી એનસીપીના મોહમ્મદ ફૈઝલ સામેલ હતા. , આરએલડીના જયંત ચૌધરી, આરજેડીના મનોજ કુમાર ઝા, રિવોલ્યુશનરી સોશ્યલિસ્ટ પાર્ટીના પ્રેમચંદ્રન અને વીસીકે પાર્ટીના ટી થિરુમાવલવન. આ સાથે શિવસેના યુબીટી, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટીના પ્રતિનિધિઓ પણ આ મુલાકાત પર જશે.

## આંદામાન-નિકોબાર ટાપુઓ પર ૫.૮ની તિવ્રતાનો ભૂકંપ

**આવેલા ધરતીકંપનું કેન્દ્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું, જો કે આ ભૂકંપમાં કોઈ જાનમાલના સમાચાર નથી**

આંદામાન, તા.૨૯

ભારતના આંદામાન અને નિકોબાર ટાપુઓમાં મોડી રાત્રે જોરદાર ભૂકંપ આવ્યો હતો. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓ સાયન્સિસ અનુસાર આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૮ માપવામાં આવી છે. ભૂકંપનું કેન્દ્ર ૧૦ કિમીની ઊંડાઈએ હતું. જો કે આ ભૂકંપમાં કોઈ જાનમાલના સમાચાર નથી. આ પહેલા અફઘાનિસ્તાનમાં ગઈકાલે સાંજે ૬.૦૯ કલાકે ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૨ માપવામાં આવી હતી. આગાઉ ૨૩ જુલાઈના રોજ સવારે ૮.૪૬ કલાકે અહીં ભૂકંપ આવ્યો હતો. આ ઉપરાંત અરુણાચલ પ્રદેશમાં પણ ગઈકાલે સવારે લગભગ ૮.૫૦ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર

● અનુસંધાન પાન-૭ પર

**વ્યાજબી ભાવે કોલસો મળશે**

રસ ધરાવતા MSME ઉદ્યોગોને વેસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ કંપનીનો કોલસો વ્યાજબી ભાવે મળશે.

South Gujarat Federation of Industries
E-mail : sgfi2021@gmail.com

